# <u>મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના વર્ષ - ૨૦૨૪</u>

## <u>ઓનલાઈન રજિસ્ટ્રેશન / લોગ-ઈન કરવા અંગેની વિગતવાર સુચનાઓ</u>

---

**મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજનાનું કામચલાઉ મેરીટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓનું તા. ૧૬/૦૭/૨૦૨૪ ના રોજ બપોરે ૧૧.૦૦ કલાકથી તા. ૩૧/૦૭/૨૦૨૪ ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી વેબસાઈટ** http//gssyguj.in **પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.**

### <u>ઓનલાઇન અરજી માટેની સુચનાઓ</u>

**૧) http//gssyguj.in પર લીંક પર ક્લિક કરી વેબસાઈટ ખોલવાની રહેશે. જેમાં** <u>વિદ્યાર્થી રજિસ્ટ્રેશન - ૨૦૨૪</u> **માટેની લીંક પર ક્લિક કરવાની રહેશે.**



મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના

વિદ્યાર્થી રજીસ્ટ્રેશન ફોર્મ

| | | |
|---|---|---|
| CTS ID | CTS ID (18 digits max) | Search |
| Name | Name | |
| DOB | DOB | |
| Mobile NO. | Mobile Number | Get Otp |
| OTP | OTP | Verify Otp |
| Password | Password | |
| Confirm Password | Confirm Password | |


Register

**૨) ત્યારબાદ નીચે દર્શાવેલ સ્ક્રીનશોટ મુજબ આપને આપનો આધાર યુઆઈડી (૧૮ આંકડાનો CTS આઈડી) લખવાનો રહેશે ત્યારબાદ સર્ચ(Search) બટન ક્લિક કરવાથી પુરં નામ,જન્મ તારીખ(D.O.B),મોબાઈલ નંબર ચાઈલ્ડ ટ્રેકિંગ માં ઉપલબ્ધ વિગત મુજબ આપો આપ આવી જશે.** જો ભૂલથી ખોટો CTS આઈડી ટાઇપ થઇ ગયેલ હોય તો આપે RESET બટન ક્લિક કરી ફરી CTS આઈડી ટાઇપ કરવાનો રહેશે.





**૩) ઉપરની વિગત પૈકી આપના દ્વારા મોબાઈલ નંબરમાં કોઈ ભૂલ હોય કે આપને મોબાઈલ નંબર બદલવો હોય તો તેમાં આપના દ્વારા રજિસ્ટ્રેશન દરમિયાન તેમાં સુધારો થઇ શકશે (આપનું પુરં નામ,જન્મ તારીખ(D.O.B) માં રજિસ્ટ્રેશન વખતે સુધારો થઇ શકશે નહિ).**


**૪) આપનું પુરં નામ, જન્મ તારીખ(D.O.B), મોબાઈલ નંબર વિગત ભરાઈ ગયા બાદ આપે Get OTP બટન પર ક્લિક કરવાનું રહેશે ત્યારબાદ આપના ઉપર આપેલ મોબાઈલ નંબર માં 6 આંકડાનો OTP આવશે જે આપે દાખલ કરી આપે વેરીફાય OTP પર ક્લિક કરી આપનો પાસવર્ડ સેટ કરવાનો રહેશે જ્યાં આપે આપનો પાસવર્ડ 2(બે) વખત દાખલ કરી Register બટન ક્લિક કરવાનું રહેશે .**




**૫) સફળતાપૂર્વક રજિસ્ટ્રેશન થઇ ગયા બાદ લોગ-ઈન પેજમાં જઈ સૌથી ઉપર ડ્રોપડાઉન બોક્ષ માં Student સિલેક્ટ કરી તેની નીચે આપનો આધાર યુઆઈડી(૧૮ આંકડાનો CTS આઈડી) અને જે પાસવર્ડ સેટ કરેલ તે ટાઇપ કર્યા બાદ લોગ ઈન(Login)બટન પર ક્લિક કરવાનું રહેશે.**




૬) લોગ ઈન કર્યા બાદ આપને સ્ક્રીનની ડાબી બાજુ સૌથી ઉપર આપનું પુરં નામ જોવા મળશે. ત્યારબાદ આપની જે માહિતી CTS માં ઉપલબ્ધ હશે તે <u>વિદ્યાર્થીની અંગત વિગત</u> સેક્શનમાં આવી જશે. જેમાં ખાસ કરીને <u>જન્મ તારીખ</u>, <u>જેન્ડર</u> તેમજ <u>કેટેગરી</u>(એસ.સી /એસ.ટી./ ઓબીસી/ જનરલ) ની વિગત ચકાસવાની તેમજ જરૂર જણાય ત્યાં સુધારો કરવાનો રહેશે. (આપના દ્વારા જન્મ તારીખ તેમજ  કેટેગરીમાં સુધારો થઇ શકશે)





૭) ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાના વતનનો જીલ્લો તેમજ વતનનો તાલુકો ફરજીયાત પસંદ કરવાનો રહેશે.



૮) વિદ્યાર્થીએ ધોરણ-૧ થી ધોરણ ૮ સુધીમાંમાં કયા પ્રકારની શાળામાં અભ્યાસ કરેલ છે? (સરકારી/ગ્રાન્ટેડ/ધોરણ ૧ થી ૮ માં RTE હેઠળ) માં લાગુ પડતું હોય તે તે સિલેક્ટ કરવાનું રહેશે




૯) વિદ્યાર્થીએ ધોરણ ૧ થી ૮ માં RTE હેઠળ અભ્યાસ કર્યો હોય તે ઓપ્શન સિલેક્ટ કર્યો હોય તે કિસ્સામાં નીચે મુજબ વિગત ડ્રોપડાઉન લીસ્ટમાંથી RTE નો પ્રકાર પસંદ કરવાની રહેશે.




RTE Act, 2009 હેઠળ ખાનગી શાળામાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીએ ધોરણ-૧ માં RTE Act, 2009 અંતગડત નક્કી થયેલ નીચે મુજબની જે કેટેગરીમાં પ્રવેશ મેળવેલ હોય તે ડ્રોપ ડાઉનમાંથી પસંદ કરવાની રહેશે. અને આ ૧૩ કેટેગરી પૈકી ક્રમ નં. ૮,૯,૧૧,૧૨, અને ૧૩ અન્વયે જે વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ હોય તેઓએ આવકનું તાજેતરનું સક્ષમ સત્તાવધકારીનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે.

૧. અનાથ બાળક

૨. સંભાળ અને સંરક્ષણની જરીયાતવાળું બાળક

૩. બાલગૃહના બાળકો

૪. બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળક

૫. મંદબુધ્ધી/સેરેબલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરરક રીતે વિકલાંગ બાળકો ને વિકલાંગ ધારા -૨૦૧૬ ની કલમ ૩૪ (૧) માં દશાડવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો

૬. (ART) એન્ટી-રેટ્રો વાયરલ થેરપી (એઆરટી) ની સારવાર લેતા બાળકો

૭. ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી /પોલીસદળના જવાનના બાળકો

૮. જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દીકરી (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૯. રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૧૦. ૦ થીં ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC/ST/SEBC/GENERAL તર્થા અન્ય) ના BPL કુટુંબના બાળકો

૧૧. અનુઅનુસુચિત જાતિ (SC) અને અનુસુચિત જન જાતિ (ST) ના બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)


૧૨. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ/અન્ય પછાત વર્ગના બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

૧૩. સામાન્ય કેટેગરી (બિન અનામત વર્ગ) ના બાળકો (અપલોડ આવકનું પ્રમાણપત્ર)

**૧૦) ધોરણ ૧ થી ૮ માં RTE નો પ્રકાર પસંદ કર્યા બાદ ઉપરના લીસ્ટ ૧-૧૩ પૈકી જો આપ RTE ની કેટેગરી નંબર ૮,૯,૧૧,૧૨,૧૩ હેઠળ આવતા હશો તો આપે આપના રહેણાકનો વિસ્તાર (શહેરી/ગ્રામ્ય) પણ જોવા મળશે તેમાંથી લાગુ પડતો હોય તે પસંદ કરવાનું રહેશે ત્યરબાદ આપે આપના કુટુંબની Annual Family Income(કુટુંબની વાર્ષિક આવક) લખવાની રહેશે અને આવકનું તાજેતરનું સક્ષમ સત્તાધિકારી નું પ્રમાણપત્ર છેલ્લે Document સેક્શનમાં અપલોડ કરવાનું રહેશે.**




**૧૧) વિધાર્થીએ ધોરણ ૯ માં ઠરાવની જોગવાઈ મુજબની સરકારી/ગ્રાન્ટેડ કે એમ્પેનલ થયેલી શાળામાં પ્રવેશ લીધેલ હોય તેમાં YES પસંદ કરવાનું રહેશે.**


આપે સળંગ ધોરણ ૧ થી ૮ માં કયા પ્રકારનાં શાળામાં અભ્યાસ પૂર્ણ કરેલ છે?
ધોરણ ૧ થી ૮ માં સળંગ RTE હેઠળ
RTE નો પ્રકાર પસંદ કરો.
8.જે માતા-વપતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર રદકરી જ હોય તેવી રદકરી (અપલોડ પ્રમાણપત્ર)
Select Locality (રહેણાંક વિસ્તાર)
શહેરી વિસ્તાર
Annual Family Income(કુટુંબની વાર્ષિક આવક)
150000
આપે ધોરણ ૯ માં ઠરાવની જોગવાઈ મુજબની સરકારી/ગ્રાન્ટેડ કે એમ્પેનલ થયેલી શાળામાં પ્રવેશ લીધેલ છે?
Yes
Yes
No

શાળાની વિગત (જે શાળામાં ધોરણ -૯ માં પ્રવેશ લીધેલ છે તે શાળાની વિગત દાખલ કરવી)

School Dise (શાળાનો યુ ડાયસ કોડ)
Enter valid DISE Code
School Type (શાળાનો પ્રકાર)
School Name ( શાળાનું નામ)
School District (શાળાનો જીલ્લો)
Block Name (તાલુકાનું નામ)
School Address ( શાળાનું એડ્રેસ)

**૧૨) શાળાની વિગત (જે શાળામાં ધોરણ -૯ માં પ્રવેશ લીધેલ છે તે શાળાની વિગત દાખલ કરવી) સેક્શનમાં School Dise (શાળાનો યુ ડાયસ કોડ) ના ટેક્ષ્ટબોક્ષ માં વિધાર્થીએ હાલ ધોરણ – ૯ માં જે શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાનો ડાયસ કોડ(૧૧ આંકનો) દાખલ કરવાનો રહેશે. જો શાળા DEO કચેરી દ્વારા એમ્પેનલ-૨૦૨૪ ના લીસ્ટમાં એડ કરેલ હશે તો શાળાનું નામ,શાળાનો જીલ્લો, તાલુકો,શાળાનો પ્રકાર,શાળાનું એડ્રેસ આપો આપ આવી જશે તેમાં વિધાર્થી દ્વારા કોઈ સુધારો થઇ શકશે નહિ.**


શાળાની વિગત (જે શાળામાં ધોરણ -૯ માં પ્રવેશ લીધેલ છે તે શાળાની વિગત દાખલ કરવી)

School Dise (શાળાનો યુ ડાયસ કોડ)
24200518302
School Type (શાળાનો પ્રકાર)
Tribal Welfare Department
School Name ( શાળાનું નામ)
SHREE UTTERBUNIYADI ASHRAMSHALA NAVA
School District (શાળાનો જીલ્લો)
NARMADA
Block Name (તાલુકાનું નામ)
GARUDESHWAR
School Address ( શાળાનું એડ્રેસ)
SHREE UCCHATAR BUNIYADI ASHAM SHALA NAVA VAGHPURRA TA GAUDESHWAR DIST NARMAD


file size should not exceed 5 MB and accepted Formats are .jpg,.pdf,.jpeg

Documnet (લાગુ પડતા આધારો અપલોડ કરવા )

જાતિનો દાખલો ( SC-ST કેટેગરી હોવાના કિસ્સામાં જાતિનો દાખલો ફરજીયાત અપલોડ કરવાનો રહેશે.)
Choose File No file chosen
આવકનો દાખલો (RTE ની કેટેગરી નંબર ૮,૯,૧૧,૧૨,૧૩ માટે સરકારના સક્ષમ સત્તાધિકારી દ્વારા માન્ય કરેલ આવકનો દાખલો ફરજીયાત અપલોડ કરવાનો રહેશે)
Choose File No file chosen

☐ ઉપર મારા દ્વારા ભરવામાં આવેલ તમામ વિગત સાચી છે જેની હું બાંહેધરી આપું છું.
Submit

**૧૩) ત્યારબાદ વિધાર્થીએ ડોક્યુમેન્ટ સેક્શનમાં લાગુ પડતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા ઓપ્શન આવશે તે અપલોડ કરી ત્યાર બાદ બાહેધરી માં ક્લિક કરીને ફોર્મ સબમિટ કરવાનું રહેશે.**


file size should not exceed 5 MB and accepted Formats are .jpg,.pdf,.jpeg

Documnet (લાગુ પડતા આધારો અપલોડ કરવા )

જાતિનો દાખલો ( SC-ST કેટેગરી હોવાના કિસ્સામાં જાતિનો દાખલો ફરજીયાત અપલોડ કરવાનો રહેશે.)

Choose File No file chosen

આવકનો દાખલો (RTE ની કેટેગરી નંબર ૮,૯,૧૧,૧૨,૧૩ માટે સરકારના સક્ષમ સત્તાધિકારી દ્વારા માન્ય કરેલ આવકનો દાખલો ફરજીયાત અપલોડ કરવાનો રહેશે)

Choose File No file chosen

ઉપર મારા દ્વારા ભરવામાં આવેલ તમામ વિગત સાચી છે જેની હું બાંહેધરી આપું છું.

Submit

**ખાસ સુચના : ૧) ફોર્મ ભરાઈ ગયા બાદ તેમાં કોઈ સુધારો થઇ શકશે નહિ.**

**૨) એક વાર ફોર્મ ભરાઈ ગયા બાદ આપ અરજીની પ્રિન્ટ લઇ શકશો**

**૩) રજીસ્ટ્રેશન કર્યા વગર આપ લોગીન કરી શકશો નહિ.**

**૪) આપ એકથી વધુ વાર રજીસ્ટ્રેશન કરી શકશો નહિ.**

**૫) સ્પષ્ટ વંચાય તેવા ડોક્યુમેન્ટ અપલોડ કરવા**